# લો લાઇબ્રેરીના મુદ્દે વકીલો વચ્ચે માઇકની ખેંચાખેંચી થઇ

**એજન્ડા** પરનાં માત્ર બે જ કામ પર ચર્ચા થઈ શકી

**ઉદય** પટેલ ,જાવેદ મુલતાની અને વિરલ મહેતા વચ્ચે ચર્ચા ઉગ્ર બની

**લો** લાઇબ્રેરીનાં ૧૦ વર્ષનાં એકહથ્થુ શાસન પર વકીલોએ પસ્તાળ પાડી

**બારની** જનરલ સભા ભારે શોરબકોર અને વાદવિવાદ વચ્ચે વિખેરાઈ ગઈ



## બેસવાની જગ્યા ન મળતાં સિનિયર વકીલો ડોક્યું કરી જતા રહ્યા

આજે સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી જનરલ સભામાં ઘણાં સિનિયર વકીલોની ગેરહાજરી જોવા મળી હતી. કેટલાંક સિનિયર વકીલો તો બેસવાની વ્યવસ્થા ન હોવાથી ડોક્યુ કરીને ચાલ્યાં ગયાં હતાં.

### જનરલ સભામાં કયા વકીલે શું કહ્યું?

- **પ્રમુખ ઉદય પટેલ:** ડિસ્ટ્રીક્ટ જડજે લેટર આપ્યો એ ખોટો છે? ધારતે તો હું એકલો જઈને લો લાયબ્રેરી માટે નામ આપી દીધા હોત જનરલ સભામા કામ ન લાવતે
- **એડ્વોકેટ જાવેદ મુલતાની:** સેક્રેટરી ગેલમાં પુસ્તકો જેલમાં, લો લાયબ્રેરીમા અનેક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ જ ધ્યાન અપાયું નથી. આઠ વર્ષથી હિસાબો જાહેર કરાયાં નથી
- **એડ્વોકેટ વિરલ મહેતા:** લો લાયબ્રેરીનાં મુદ્દે વકીલ મંડળ સુચન કરી શકે છે. નિયુક્ત કરી શકે નહિ. બીજી સંસ્થાને કેપ્ચર કરી શકે નહિ. બાર ભલે નામ આપે, બીજા સભ્યો ભાગ લઈ શકે.
- **એડ્વોકેટ મનીષ દેસાઈ:** લો લાઇબ્રેરીનું ઈલેકશન આપો
- **એડ્વોકેટ જતીન ગાંધી:** નવી કોર્ટ બિલ્ડિંગનો પ્લાન ફાઈનલ થાય એ પહેલાં વકીલ મંડળને પ્લાન મળે એ માટે રજૂઆત કરવી જોઈએ જેથી વકીલોની જરુરિયાત મુજબનાં સૂચનો કરી શકાય
- **એડ્વોકેટ ગગજી ભરવાડ:** નવી કોર્ટ બિલ્ડિંગમાં વકીલો માટે સારી સુવિધા સાથે વિશાળ પાર્કિંગની વ્યવસ્થા હોવી જોઈએ.
- **એડ્વોકેટ કિર્તન સાલ્વે:** નવી કોર્ટ બિલ્ડિંગ બનશે ત્યારે બનશે આ કોર્ટ બિલ્ડિંગમાં સમસ્યા છે તેનું નિરાકરણ લાવો

સુરતઃ લાંબા સમય બાદ સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી જનરલ સભા લો લાઇબ્રેરીનાં મુદ્દે ભારે શોરબકોર અને તડાફડી વચ્ચે વિખેરાઈ ગઈ હતી.

આજની બેઠકમાં એજન્ડા પરનાં માત્ર બે કામ પર જ ગરમાગરમી વચ્ચે ચર્ચા થઈ હતી. જયારે પદાધિકારીની બે વર્ષની ટર્મની દરખાસ્ત પર ચર્ચા જ થઇ ન હતી. ખાસ કરીને નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામનાં મુદ્દે વકીલો તરફથી વ્યાપક સુચનો આવતાં પ્રમુખ ઉદય પટેલે તમામ વકીલોને જે તે સુચનો લેખિતમાં આપવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ લો લાયબ્રેરીના સભ્યો બાબતનું કામ રજૂ થતાં તડાફડી થઇ હતી અને ભારે વાદ વિવાદ વચ્ચે માઈક પર બોલવા માટે માઈક ખેંચવાનો પ્રયાસ થયો હતો.

# સુરત જિલ્લા લૉ લાઈબ્રેરીના હોદ્દેદારોની ચૂંટણી થશે : સેક્રેટરી

**મનગમતા** લોકોને ઠોકી બેસાડવાની મુહિમ ઉપર તમાચો સમાનઃ વિરલ મહેતા

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ બાર લો લાયબ્રેરીના સેક્રેટરી વિરલ મહેતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુરત જિલ્લા વકીલની સામાન્ય સભામાં સર્વાનુમત્તે ડિસ્ટ્રક્ટ બાર લો લાઈબ્રેરીના નવા હોદ્દેદારોનું ઈલેકશન કરવાનો જે ઠરાવ કરાયો છે એ સત્ય અને નિષ્પક્ષ નીતિની જીત છે અને મનગમતા લોકોને જવાબદારીવાળી પોસ્ટ ઉપર રાજનીતિ કરી ઠોકી બેસાડવાની મુહિમ ઉપર તમાચો સમાન છે. સુરત ડિસ્ટ્રિક્ટ બાર લો લાઈબ્રેરીના સેક્રેટરી તરીકે આ નિર્ણયને આવકારું છું અને નવા ઉત્સાહી જવાબદારી નિભાવવાળા સંભવિત ઉમેદવારોને આવકારું છું. ડિસ્ટ્રિક્ટ જજ સાથે આ બાબતે સલાહ સૂચન કરી ઈલેકશનની કામગીરી નિષ્પક્ષ રીતે પાર પાડવામાં આવશે.

# ચેમ્બર કેમિકલ-ફાર્મા પ્રદર્શન અને સ્ટાર્ટ અપ સમિટ યોજશે

**25000થી** વધુ મુલાકાતીઓ, 200થી વધુ રોકાણકારો ભાગ લે એવી અપેક્ષા

સુરતઃ દક્ષિણ ગુજરાતના વિકાસને સતત નવી દિશા આપતી અગ્રણી સંસ્થા 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) દ્વારા આગામી 22, 23 અને 24 મે 2026 દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે એકસાથે 4 મેગા ઈવેન્ટ્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ત્રણ એક્સ્પો અને એની સાથે સુરત સ્ટાર્ટ અપ સમિટની ત્રીજી આવૃત્તિ એકસાથે સરસાણા ખાતે યોજાઈ રહી છે. સુરતની જાણીતી ટોરિન વેલ્થ મેનેજમેન્ટના મુખ્ય સહયોગથી યોજાનાર આ ચારેય ઈવેન્ટ્સ સુરત અને સમગ્ર રાજ્યના વ્યાપારી, ઔદ્યોગિક, સાહસિક અને શૈક્ષણિક માળખાને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવશે.

આ ચારેય ઈવેન્ટ્સનો ઉદ્‌ઘાટન સમારોહ તા. 22 મેના રોજ સવારે 10 કલાકે સરસાણા ખાતે યોજાશે. કેન્દ્રીય વાણિજ્ય રાજ્ય મંત્રી ડૉ. જિતિન પ્રસાદ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહીને ચારેય ઈવેન્ટ્સનું ઉદ્‌ઘાટન કરશે. ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે એમ. નાગરાજન (મ્યુનિસિપલ કમિશનર, સુરત મહાનગરપાલિકા), ડૉ. સતીષ વામન વાઘ (ચેરમેન -કેમેક્સિલ), હિરન્મય મહંતા (સીઈઓ, આઈહબ ગુજરાત), જિજ્ઞેશ માધવાની (ડિરેક્ટર એન્ડ ચેરમેન, ટોરિન વેલ્થ મેનેજમેન્ટ), હિમાંશુ પટેલ, ડિરેક્ટર (યશસ્વી રસાયણ પ્રા,લિ.), અશ્વિન દેસાઈ, એમડી (એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ), આનંદ દેસાઈ (એમડી, અનુપમ રસાયણ ), નરેશકુમાર પટેલ (એક્ઝિક્યુટિવ ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર એક્યુટાસ કેમિકલ્સ લિ.) હાજર રહેશે.

## યુજીસી નેટનું રજિસ્ટ્રેશન 23 મે સુધી કરી શકાશે

સુરતઃ આગામી જૂન મહિનામાં યોજાનારી યુજીસી નેટ (UGC-NET) પરીક્ષા માટે તૈયારી કરી રહેલા ઉમેદવારોને મોટી રાહત મળી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ 20 મેમાંથી વધારીને હવે 23 મે સુધી કરવામાં આવી છે. દેશભરની યુનિવર્સિટી અને કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા તેમજ જુનિયર રિસર્ચ ફેલોશિપ (JRF) મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે વર્ષમાં બે વખત આ મહત્ત્વપૂર્ણ પરીક્ષા લેવામાં આવે છે. નવી જાહેરાત મુજબ ઉમેદવારો 23 મે સુધી ઓનલાઇન અરજી સાથે ફી પણ ભરી શકશે. તે ઉપરાંત, અરજી ફોર્મમાં સુધારા માટે 25થી 27 મે દરમિયાન કરેક્શન વિન્ડો ખુલ્લી રહેશે.



# પાલમાં સવારે પડેલો ભૂવો રાતે પણ નહીં પુરાયો

**લીકેજના** અધૂરા કામથી 5 બાઈક ચાલક પટકાયા

સુરત : એલપી સવાણી રોડ પર આવેલા હરિઓમ પેટ્રોલ પંપની સામેની ગલીમાં વહેલી સવારથી એક વિશાળ ભૂવો પડ્યો હતો. જે રાત સુધી નહીં પૂરાતા રસ્તાની નીચે રહેલા પોલાણને કારણે આખો રોડ બેસી જવાનો ભય હોવા છતાં તંત્ર હજુ પણ કોઈ ગંભીર અકસ્માતની રાહ જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

બીજી તરફ, પાલ વિસ્તારમાં આવેલી અલ્પેશ નગર સોસાયટીની બિલકુલ સામેથી પસાર થતી મુખ્ય પાણીની લાઈનમાં મોટું લીકેજ થવાના કારણે રસ્તા પર મોટો ખાડો પડી ગયો હતો. જેમાં માટીના ઢગલા એમ જ મૂકી પાલિકાના કર્મચારી ચાલ્યા ગયા હતા અંધારામાં માટીના ઢગલા ન દેખાતા અત્યાર સુધીમાં 4 થી 5 મોટરસાયકલ અને બાઈક ચાલકો સ્લિપ થઈ જતાં ત્યાં પટકાયા હતા અને તેમને નાની-મોટી ઈજાઓ થઈ હતી.

## ભરણપોષણ ચૂકવવામાં કસૂર કરનાર પતિને ૧૧૦ દિવસની કેદ

સુરતઃ પત્નીનું ભરણપોષણ ચૂકવવામાં કસૂર કરનાર પતિને ફેમિલી કોર્ટના અધિ જજ એ.જે. મકવાણાએ ૧૧૦ દિવસની કેદની સજા ફટકારી હતી. આ કેસની વિગત મુજબ અડાજણની વિભુતી (નામ બદલ્યું છે)નાં લગ્ન વર્ષ ૨૦૦૬માં વિમલ સાથે થયા હતા. લગ્નજીવન થકી સંતાનમાં એક પુત્રીનો જન્મ થયો હતો. ત્યારબાદ પત્નીના ચારિત્ર્ય ઉપર શંકા કરીને પતિ ત્રાસ ગુજારતા હતા અને વર્ષ ૨૦૧૨માં ઘરમાંથી કાઢી મૂકી હતી. પત્નીએ એડવોકેટ પ્રીતિ જોષી મારફતે સુરત ફેમિલી કોર્ટમાં ભરણપોષણની અરજી કરી હતી. જે અરજી સામે પત્ની અને પુત્રીને કુલ્લે ૮,૦૦૦ ચૂકવવાનો હુકમ થયો હતો. પતિએ ભરણપોષણની નહીં ચૂકવતાં અરજદારે એડવોકેટ પ્રીતિ જિજ્ઞેશ જોષી, તૃપ્તી ઠક્કર મારફતે ૩૬ મહિનાની બાકી રહેતી રકમ ફેમિલી કોર્ટમાં રિકવરી અરજી કરી હતી.

## ૧૯.૫૨ લાખના દારૂ પર રોલર ફેરવી દેવાયું



સુરત પોલીસના ઝોન-૩ વિસ્તારમાં આવતા પાંચ પોલીસ સ્ટેશનોમાં અલગ-અલગ પ્રોહિબિશનના દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલા આશરે રૂપિયા ૧૯.૫૨ લાખની કિંમતના ગેરકાયદે વિદેશી દારૂ અને બિયરના જથ્થાનો સત્તાવાર રીતે નાશ કરવામાં આવ્યો હતો. ખુલ્લા રોડ પર હજારો બોટલો ગોઠવી તેના પર ભારેભરખમ રોડ રોલર ફેરવીને તમામ મુદ્દામાલનો સ્થળ પર જ સફાયો કરી દેવામાં આવ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

# રોકડા રૂપિયા 44 લાખ મઝદા ટાવરની અગાશીમાં પડી રહ્યા

**અડાજણમાં** બિલ્ડરને ત્યાં સગરામપુરા કૈલાસનગરના કાલુએ ચોરી કરી હતી

**મોંઘી** ફોર વ્હીલ બહાર પડી હોય ત્યાં ઘૂસતો હતો, તે રાત્રે ત્રણ બંગલામાં ચોરીનો પ્રયાસ કર્યો હતો

સુરતઃ અડાજણ વિસ્તારમાં જાણીતા બિલ્ડરના બંગલામાં થયેલી રૂ.48 લાખની ચોરીએ સમગ્ર હીરાનગરીમાં ભારે ચકચાર જગાવી હતી. ત્યારે આ હાઈપ્રોફાઈલ ચોરી કરનાર બીજું કોઈ નહીં પણ નાનપુરા વિસ્તારમાં રહેતો 27 વર્ષનો શાતિર અને રીઢો ગુનેગાર દેવરાજ ઉર્ફે કાલુ અભિમન્યુ પાટીલ છે. કાલુ નાનપુરામાં જે.પી. ખમણ હાઉસની બાજુમાં કૈલાશનગર સોસાયટીમાં રહે છે. તા. ૧૮/૦૫/૨૦૨૬ના રોજ અડાજણ પરશુરામ ગાર્ડન પાસે આવેલા 'સેતુ વિલા' બંગલા નંબર ડી/૩,૪ માં બપોરે ઘરના સભ્યોની ગેરહાજરીનો લાભ ઉઠાવી અજાણ્યો ચોર રોકડા રૂપિયા ૪૮ લાખ ભરેલી બેગની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. આરોપીએ કબૂલાત કરી હતી કે છેલ્લા બે દિવસથી આ વિસ્તારમાં રેકી કરી હતી અને મોંઘી ફોર વ્હીલ ગાડીઓ બહાર હોવાથી ઘરમાં મોટી રોકડ હોવાનું અનુમના લગાવતો હતો. જે રાત્રે ચોરી કરી આ વિસ્તારમાં ત્રણ ઘરમાં ચોરી કરવા પ્રયાસ કર્યો પણ ગ્રીલ અને અન્ય સેફ્ટીના સાધનો હોવાથી તે ઘરમાં ઘૂસી શક્યો ન હતો પણ બિલ્ડરના ઘરે ગ્રીલ ન હતી અને રસોડા પાસેની બારી લોક ખરાબ હોવાથી તે બારી જલ્દી ખુલી જતાં તે ઘરમાં પ્રવેશી રોકડ ચોરી ભાગી છૂટ્યો હતો. આ કેસમાં પોલીસે બંગલા અને આસપાસના સમગ્ર રોડ-રસ્તાના 100થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસવાનું શરૂ કર્યું હતું, જેમાં આરોપીના મોપેડ વાહનની કડી મળી આવી હતી. આરોપી પોલીસને ચકમો આપવા માટે મુંબઈ તરફ ભાગી ગયો હતો. દેવરાજ ઉર્ફે કાલુની પાસેથી રૂ.4 લાખ રોકડા મળી આવ્યા હતા. ત્યારબાદ તેની વધુ પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે બાકીના 44 લાખ રૂપિયા તેણે રાંદેર તાડવાડી પાસે આવેલા 'મજદા ટાવર' નામના એક ખંડેર અને અવાવરું બિલ્ડિંગના ટેરેસના ભાગે છૂપાવી રાખ્યા છે.

પોલીસે આરોપીને સાથે રાખીને તે ખંડેર મકાનમાં તપાસ કરતાં ચોરીની બેગ, પૂરેપૂરી રોકડ રકમ રૂ.48,00,000 તેમજ અન્ય કેટલાક સોના-ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

**આજે ઇન્ટરનેશનલ ટી ડે** પાણી પછી દુનિયામાં સૌથી વધુ પીવાતું વિશ્વનું બીજું સૌથી લોકપ્રિય પીણું ચા છે

# સુરતમાં 19મી સદી પૂર્વે 'ચાનું' આગમન થયું

**ઈ.સ. પૂર્વે 2737માં** ચીનના સમ્રાટ સામે રાખેલા ગરમ પાણીના કપમાં કેટલાંક પાંદડા પડ્યાં અને પાણીનો રંગ બદલાયો તેનો ટેસ્ટ લેતાં સ્ફૂર્તિનો અનુભવ થયો અને ચા પીવાની શરૂઆત થઇ

**સુરતમાં** સિલ્ક રૂટ દરમિયાન 19મી સદી પૂર્વે ચાનું આગમન થઈ ચૂક્યું હતું. સુરત બંદરેથી મરી મસાલા અને ચીનથી આવતી ચાનો દવા તરીકે વેપાર થતો

### બ્રિટિશરો, સુરત અને ચાનો સંબંધ જૂનો છે

- બ્રિટિશરો (અંગ્રેજો) ભારતમાં પ્રથમ વખત ઈ.સ. 1608 માં સુરત બંદરે આવ્યા હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કેપ્ટન વિલિયમ હોકિન્સનું જહાજ સુરત પહોંચ્યું હતું. ત્યારબાદ 1612 માં મુઘલ બાદશાહ જહાંગીર પાસેથી પરવાનગી મેળવીને તેમણે સુરતમાં પોતાની પ્રથમ કાયમી વેપારી ફેક્ટરી (કોઠી) સ્થાપી હતી.
- બ્રિટિશરો દ્વારા ભારતમાં વાણિજ્યિક ધોરણે સૌપ્રથમ ચાની ખેતી 19મી સદીની શરૂઆતમાં શરૂ કરવામાં આવી હતી. ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ 1823 માં આસામમાં જંગલી ચાના છોડ શોધ્યા અને 1837 માં આસામના છબુઆ (Chabua) ખાતે પ્રથમ અંગ્રેજી ચાનો બગીચો બનાવ્યો હતો.બ્રિટિશ રાજમાં અહીંથી સુરતમાં ચા લાવવામાં આવતી હતી.
- સુરતમાં મળતી ચાના પ્રકારોઃ સુરત અને ગુજરાતમાં ફક્ત સાદી દૂધવાળી ચા જ નહીં, પરંતુ આદુ-ફુદીના વાળી મસાલા ચા, ગ્રીન ટી, રાજસ્થાની ગોળની ચા અને કાઠિયાવાડી વિસ્તારમાં દૂધ-પાણીની 'ઉકાળી' જેવા વિવિધ પ્રકારો પણ ઉત્સાહથી પીવાય છે.

### ભારતની વિવિધ ચા અને સુગંધ

**આસામ :** આસામની આસામ ચા તેના મજબૂત માલ્ટી સ્વાદ અને ઘેરા રંગ માટે જાણીતી છે

**દાર્જિલિંગ :** દાર્જિલિંગ ચાને "ચા ની શેમ્પેઇન" કહેવામાં આવે છે. દાર્જિલિંગની ઠંડી અને ધુમ્મસવાળી આબોહવા ચાને નાજુક ફૂલો જેવી સુગંધ અને મસ્કટેલ સ્વાદ આપે છે.

**નીલગીરી :** દક્ષિણ ભારતના નીલગીરી વિસ્તારમાં ઉગતી નીલગીરી ચા તેની સુગંધિત ખુશ્બૂ અને હળવા ફળદાયી સ્વાદ માટે લોકપ્રિય બની છે.

**મસાલા ચા :** ભારતમાં ઘરઘરમાં પીવામાં આવતું પરંપરાગત પીણું છે, જેમાં એલચી, આદુ, તજ અને લવિંગ જેવા મસાલાઓનો ઉપયોગ થાય છે.

**ગ્રીન ટી :** એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર હોવાથી સ્વાસ્થ્યપ્રેમીઓમાં લોકપ્રિય બની છે

**વ્હાઇટ ટી :** તેના નાજુક સ્વાદ અને ઓછી પ્રક્રિયા માટે જાણીતી છે.

**ઉલોંગ :** ઉલોંગ ચા ગ્રીન અને બ્લેક ટી વચ્ચેનો અનોખો સ્વાદ આપે છે.

**હર્બલ ટી :** તુલસી, ફુદીનો અને કેમોમાઈલથી બનેલી હર્બલ ટી પણ આરોગ્યલાભ માટે લોકોમાં પસંદગી બની રહી છે.

સુરતઃવિશ્વમાં પાણી પછી સૌથી વધુ પીણું તરીકે ચાનો ઉપયોગ થાય છે. દર વર્ષે 21 મેના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ ચા બગીચાના કામદારોને સલામત કામકાજની પરિસ્થિતિ, વાજબી વેપાર અને ટકાઉ ચા ઉત્પાદન અંગે જાગૃતિ લાવવાનો છે. ટી બોર્ડ ઑફ ઈન્ડિયાના અભ્યાસ મુજબ ભારતમાં ઉત્પાદિત લગભગ 80 ટકા ચાનો વપરાશ સ્થાનિક સ્તરે થાય છે. આ દિવસે લોકો મસાલા ચા, કાશ્મીરી કાહવા, ગ્રીન ટી, લેમનગ્રાસ ટી જેવી વિવિધ ચાનો આનંદ માણીને ઉજવણી કરે છે.

ચાની શોધ આકસ્મિક થઈ હતી.ઈ.સ. પૂર્વે 2737 માં ચીનના સમ્રાટ શેન નુન્ગ સામે ગરમ પાણીનો કપ રાખ્યો હતો, જેમાં અચાનક જંગલી ચાના કેટલાક પાંદડા પડ્યા અને પાણીનો રંગ બદલાયો. તેમણે આ પાણી પીધું અને તેમને સ્ફૂર્તિનો અનુભવ થયો. સુરત અને ગુજરાતમાં સિલ્ક રૂટ દરમિયાન 19 મી સદી પૂર્વે ચા નું આગમન થઈ ચૂક્યું હોવાનું માનવામાં આવે છે.

## પાલનપુર જકાતનાકા પાસે મોડી રાત્રે રો-હાઉસમાં આગ ભભૂકી

સુરત : ગત મોડી રાત્રે પાલનપુર જકાતનાકા વિસ્તારમાં આવેલા એક મકાનની અંદર અચાનક આગ લાગી ગઈ હતી. જોકે અંદર એક જ વ્યક્તિ હોવાથી તે પણ સુરક્ષિત બહાર નીકળી ગઈ હતી પરંતુ રાતનો સમયે આગ લાગવાના કારણે પોતાના રૂમમાં નિંદ્રાધીન લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર જકાતનાકા ખાતે આવેલ દીપાંજલિ રો હાઉસમાં ગત મોડ઼ી રાતે એક મકાનમાં આગ લાગી ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ ઉપર અફરાતફરી મચી ગઈ હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગને કાબુમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. એટલું જ નહીં મકાનની અંદર એક જ વ્યક્તિ હાજર હોવાથી તે પણ સહીસલામત પાછળના ભાગેથી સુરક્ષિત બહાર નીકળી ગઈ હતી. જ્યારે ફાયરના જવાનો દ્વારા દરવાજો તોડીને આગને કાબુમાં કરી લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### છાંયડોના જયવિદ્યા ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરાયું



સુરતઃ સુરત માનવ સેવા સંઘ-છાંયડો દ્વારા ઉધના મેઇન રોડ ઉપર ચાલતા જીવનજ્યોત ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટરને નવા સરનામે 'એકમ', અરિહંત કોમ્પલેક્ષ પાસે ઉધના બસ સ્ટોપની નજીક, ઉધના પાંડેસરા મેઇન રોડ પર ટ્રાન્સફર કરી રહ્યા છે. આ નવા સેન્ટર, જયવિદ્યા ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટરનું ઉદ્ઘાટન ગત તા.10મી મેના રોજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ લીબર્ટી ગ્રુપ ઓફ કંપનીઝના દિનેશભાઈ ધનકાની અને શ્રીમતી કરિશ્માબેન ધનકાનીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ-રાજકોટના સ્વામિ મહાનંદજી મહારાજ, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, નર્મદ યુનિ.ના કુલપતિ કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ ભરતભાઈએ જણાવ્યું કે જયવિદ્યા ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટર ખાતે અદ્યતન મશીનરી સાથે તમામ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ, MRI, સોનોગ્રાફી, મેમોગ્રાફી. એક્સ-રે, ફિઝીયોથેરાપી. ડેન્ટલ કેર, કાર્ડિયાક કેર, ઓર્થોપેડીક, આંખની તપાસ અને હેલ્થ ચેકઅપ અને નિદાનની સુવિધાઓ રાહત દરે તથા ડાયાલીસીસ સેવા વિના મુલ્યે ઉપલબ્ધ રહેશે.

### માતા જીર્ણને 51 કિલો કેરીનો ભોગ ધરાવાયો



સુરત : જીર્ણ માતા સેવા ટ્રસ્ટ દ્વારા મંગળવારે ન્યૂ સિટી લાઇટ રોડ પર આવેલા દેવસર માતા મંદિર સ્થિત જીર્ણ માતા મંદિરમાં માતાજીને 51 કિલો હાફુસ કેરીનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાજર રહેલા ભક્તોએ માતાજીના જયકારા લગાવ્યા હતા. ત્યારબાદ આ આમ ભક્તોને પ્રસાદ સ્વરૂપે વહેંચવામાં આવી હતી. આ અવસરે ટ્રસ્ટના અમિત દોદરાજકા સહિત મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

### નંદુબા ઇંગ્લિશ એકેડેમીમાં ધોરણ-12ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન




સુરતઃ અલથાણની સી.બી.પટેલ સ્પોર્ટ્સ ગ્રુપ સંચાલિત નંદુબા ઈંગ્લિશ એકેડેમીમાં ધોરણ-12 સાયન્સ અને કોમર્સ પ્રવાહમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથ પરમારે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના પ્રેસિડેન્ટ પંકજભાઈ ગિજુભાઈ પટેલ તેમજ પ્રિન્સિપાલ ડો.મોનિકા શર્મા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી આધુનિક અને ઉત્તમ શૈક્ષણિક સુવિધાઓની ભગીરથ પરમારે પ્રશંસા કરી હતી.

### લાગણી, પ્રેમ, મૈત્રી અને સ્નેહનો સંવાદ અને સંવેદન હોય તેને ઘર કહેવાય: પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ દાદર (વેસ્ટ) ના ઓમ શ્રી દાદર આરાધના ભવન જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પધરામણી થઈ હતી. આ પાવન પ્રસંગે અમૃતવાણી વહાવતા આચાર્યએ જણાવ્યું હતું કે, આજે ઘરો તૂટી રહ્યા છે અને મસમોટા મકાનો બંધાઈ રહ્યા છે. ઘર એ સમાજ અને રાષ્ટ્રનું મંદિર છે. ઘર એટલે સંયુક્ત પરિવાર. જ્યાં લાગણી, પ્રેમ, મૈત્રી અને સ્નેહનો સંવાદ અને સંવેદન હોય તેને ઘર કહેવાય. હવે 'ઘર' શબ્દ ભૂતકાળ બની ગયો છે. પૂર્વે ઘર-ઘરમાં આલોક, પરલોક અને પરમલોકનું ચિંતન હતું. અત્યારે માત્ર વર્તમાન સિવાય કોઈ ચિંતન નથી. ઘરો મનથી તૂટી રહ્યા છે. કોઈ કોઈને ચાહવા તૈયાર નથી. દરેક વ્યક્તિ સ્વાર્થનાં દાવપેચ ખેલી રહ્યા છે. પોતાની લીટી મોટી બતાડવા બીજાની લીટીને કાપવાની ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. બીજાનું જે થવું હોય તે થાય. મારું કાંઈ બગડવું ન જોઈએ. અત્યારે ડેવલપમેન્ટ કરતાં પણ રિડેવલપમેન્ટનું ચારેય બાજુ ભૂત ધણી રહ્યું છે. વિકાસના નામે મહાવિનાશ થઈ રહ્યો છે.

### ડો. ઈન્દ્રવદન શાહના પૌત્ર આર્નવ સાગર શાહનો ધો.12માં એ-વન ગ્રેડ



સુરતઃ સુરતના જાણીતા ફેમિલી ફિઝિશયન ડો.ઈન્દ્રવદન અને ડો.સંગીતા શાહના પૌત્ર અને ડો.સાગર અને ડો.હેલી શાહના પુત્ર આર્નવ શાહ ધોરણ ૧૨માં A1 grade સાથે ૯૯.૯૪ પર્સેન્ટાઇલ અને ૯૫.૧૪ ટકા તેમજ ગુજકેટમાં ગ્રેડ-A1 સાથે ૯૯.૯૦ પર્સેન્ટાઈલ મેળવી સ્કૂલ અને માતા-પિતાનું નામ રોશન કર્યું છે. આ પ્રસંગે શાળાના આચાર્ય, શિક્ષકો અને મિત્રોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

### ડો. બળવંત કોસંબિયા ડબલ પીએચ.ડી. થયા



સુરતઃ ડો. બળવંતકુમાર રતિલાલ કોસંબિયાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા કોમર્સ /એકાઉન્ટન્સી વિષયમાં Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. તેમના થીસિસનો 'Performance of Pradhan Mantri Jan - Dhan Yojana, Pradhan Mantri Jeevan Jyoti Bima Yojana and Pradhan Mantri Suraksha Bima Yojana in Surat District' વિષય હતો. રોફેલ કોલેજના એસોસિએટ પ્રોફેસર ડો. રશ્મિબેન મહેતાના માર્ગદર્શન હેઠળ આ સંશોધનકાર્ય કરાયું હતું. આ પહેલા ડો. બળવંતકુમાર રતિલાલ કોસંબિયાએ શિક્ષણ શાસ્ત્રમાં Ph.D.ની પદવી પ્રાપ્ત કરી છે.

### સુપ્રીમ કોર્ટ દ્વારા આગામી તા.21થી 23 સમાધાન સમારોહ યોજાશે

સુરતઃ ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા આગામી તા. ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સમાધાન સમારોહ-૨૦૨૬ ખાસ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ રહેલા કેસોમાં પરસ્પર સંમતિથી વિવાદોના નિરાકરણ માટે ખાસ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. પક્ષકારો પોતાના કેસના સમાધાન માટે ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા અથવા વ્યક્તિગત રીતે પણ જોડાઈ શકે છે. આ ફોર્મ ભારતની સર્વોચ્ચ અદાલતની વેબસાઇટ https://www.sci.gov.in/ પર પણ ઉપલબ્ધ છે ગુગલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખઃ ૩૧ મે, ૨૦૨૬ છે.

### સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્ય સભા દ્વારા વાર્તા લેખન શિબિર

સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્ય સભામાં સંયુક્ત ઉપક્રમે તારીખ 23 અને 24 મે,2026, શનિ-રવિના રોજ આઝાદ સાંસ્કૃતિક કેન્દ્ર, 19,સુભાષ નગર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ, જમનાનગર રોડ, સુરત સ્થળે સવારે 10 થી 1 અને 3 થી 5 દરમિયાન યોજવામાં આવનાર છે. સંચાલન વાર્તાકાર કિરીટભાઈ દૂધાત અને રાકેશભાઈ દેસાઈ કરશે. ભાગ લેનાર વાર્તારસિકે રૂ. 200 પ્રથમ દિવસે જમા કરાવવાના રહેશે. નામ નોંધાવવાની અંતિમ તારીખ 21મી મે રહેશે.